પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૨૦ | ૧૦ જુલાઈ, ૨૦૧૭, સોમવાર ; અષાઢ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મોદીનું મુખ્ય સચિવોને સંબોધન

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાજયના મુખ્ય સચિવો સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં તેઓએ સંબોધન કરી વિકાસના એજન્ડાને આગળ ધપાવવા જણાવ્યું હતું.

### નાગાલેન્ડના પૂર્વ મુખ્યંમત્રીના સમર્થનમાં ૩૪ ધારાસભ્યો

નાગાલેન્ડના પૂર્વ મુખ્યમંત્રી ટીઆર ઝીલાંગે જણાવ્યું છે કે એનપીએફના ૩૪ ધારાસભ્યો તેમના સમર્થનમાં છે. હાલના મુખ્યમંત્રી વિધાનસભાના સભ્ય ન હોવાથી તેમણે રાજીનામું આપવું જોઈએ તેમ તેમણે જણાવ્યું છે.

### બિહારમાં બેઠકોનો દોર આરંભાયો

લાલુ પુત્ર અને બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વીની સામે સીબીઆઈની એફઆઈઆર બાદ સર્જાયેલી કટોકટી બાદ મહા ગઠબંધન પર સંકટ છે. સોમવારે આરજેડીના ધારાસભ્યોની બેઠક યોજાઈ છે ત્યારે મંગળવારે જેડીયુના ધારાસભ્યોની બેઠક યોજાશે.

### ભાજપ માંગે છે પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન

પશ્ચિમ બંગાળમાં વધતા હિંસક બનાવોને પગલે ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રપતિ શાસનની માંગણી કરી છે. પશ્ચિમ બંગાળ પ્રદેશ એકમ દ્વારા તાકીદે કેન્દ્ર સરકારને હસ્તક્ષેપ કરવા રજુઆત કરાઈ છે.

### યોગી આદિત્યનાથ ગુરૂપૂર્ણિમાએ આશ્રમ પહોંચ્યા



ગુરૂ પૂર્ણિમાના પર્વ નિમિત્તે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી ગોરખનાથ પીઠ પહોંચ્યા હતા. પોતાના ગુરૂ પરત્વે તેઓએ ભાવ પ્રગટ કરી તસવીર સમક્ષ શાષ્ટાંગ પ્રણામ કર્યા હતા.

### કાશ્મીરમાં ઈન્ટરનેટ સેવા ચાલુ થઈ

છેલ્લા ઘણા સમયથી જમ્મુ કાશ્મીરમાં બંધ થઈ ગયેલી ઈન્ટરનેટ સેવા પુનઃ શરુ કરાઈ છે. પત્થરબાજીની ઘટનાઓ વધતા ઈન્ટરનેટ બંધ કરાયું હતું.

# દાર્જીલિંગમાં હજુ વિસ્ફોટક સ્થિતિ

**હાઈએલર્ટ જાહેર : દેખાવો અને વિરોધ પ્રદર્શનનો દોર યથાવત જારી : અલગ ગોરખાલેન્ડ રાજ્યની માંગણીને લઇ સ્થિતિ વણસી કોમી હિંસા અને દાર્જીલિંગ મુદ્દાથી મમતા હવે મુશ્કેલીમાં**




દાર્જીલિંગ, તા. ૯

અલગ રાજ્યની માંગણીને લઈને પશ્ચિમ બંગાળના દાર્જીલિંગમાં ચાર લોકોના મોત બાદ સ્થિતિ વધુ વણસી ગઈ છે. આજે પોલીસ ગોળીબારમાં સમર્થકોના મોત સામેના વિરોધમાં ગોરખા જનમુક્તિ મોરચા દ્વારા રેલીઓ યોજવામાં આવી હતી. દાર્જીલિંગ જિલ્લામાં હાલત ખુબ જ કફોડી બનેલી છે. ગોરખા લેન્ડ રાજ્યની માંગણી ફરી હિંસક બની રહી છે. આજે રવિવારના દિવસે જીજેએમ દ્વારા છેડવામાં આવેલા અચોક્કસ મુદતના બંધની અસર ૨૫માં દિવસે પણ યથાવત રહી હતી. દવાની દુકાનો સિવાય તમામ દુકાનો, સ્કૂલો અને કોલેજો બંધ રહી હતી. ઈન્ટરનેટ સેવા પણ બંધ રાખવામાં આવી છે. શનિવારના દિવસે પહાડી વિસ્તારમાં હિંસાની ફરી શરૂઆત થઇ હતી. પોલીસ ગોળીબારમાં ચાર લોકોના મોત થયા હોવાનો દાવો જીજેએમ દ્વારા કરાઈ રહ્યો છે. જો કે પોલીસ આને રદિયો આપી રહી છે. પોલીસ હાઈએલર્ટ ઉપર છે અને સેના પણ દાર્જીલિંગમાં ગોઠવવામાં આવી છે. મમતા બેનર્જી દ્વારા શાંતિ જાળવવાની અપીલ છતાં હિંસાનો દોર જારી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરપ્રદેશ અને અનેક રાજ્યોમાં ભારે વરસાદ

**આસામમાં પુરની સ્થિતિમાં આંશિક સુધારો : આસામમાં મોતનો આંકડો વધીને ૨૬ થયો : ૯૩૨ ગામો હજુ જળબંબાકાર**



નવીદિલ્હી,તા. ૯

ઉત્તરપ્રદેશ સહિત દેશના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ જારી રહેતા જનજીવન પર પ્રતિકુળ અસર થઈ છે. એકબાજુ ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદના કારણે મુખ્ય નદીઓમાં પાણીની સપાટી સતત વધી રહી છે. બીજી બાજુ આસામમાં પુરની સ્થિતીમાં આંશિક સુધાર થયો છે. આસામમાં પુરના કારણે ૩.૮૩ લાખ લોકોને માઠી અસર થઈ છે. વીજળીના કરંટના કારણે એક મહિલાનુ મોત થતા આસામમાં પુર અને ભારે વરસાદ સાથે સંબંધિત બનાવોમાં મોતનો આંકડો વધીને ૨૬ ઉપર પહોંચી ગયો છે. આસામ સ્ટેટ ડિસાઝસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના કહેવા મુજબ ૯૩૨ ગામો હજુ પણ જળબંબાકારની સ્થિતીમાં છે. જોરહાટ, ગોલપારા અને ધુબ્રી સહિત કેટલાક વિસ્તારોમાં બ્રહ્મપુત્ર નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર છે. રાજ્યના પાટનગર ગુહાવાટીમાં પણ અસર થઈ છે. આસામમાં ૧૫ જિલ્લાના લાખો લોકોને પુરની અસર થઈ છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અસરગ્રસ્ત લોકોને વધારે તકલીફ ન પડે તે માટે ૧૨૮ કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા છે. મુખ્યપ્રધાન સર્વાનન્દ સોનેવાલે કહ્યુ છે કે સ્થિતી પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. રાજ્યની મુખ્ય નદીઓમાં પાણીની સપાટી સતત વધી રહી છે. પુરના કારણે રાજ્યમાં ૧૬૦૦૦ હેક્ટરથી વધારે વિસ્તારમાં પાકને નુકસાન થયુ છે. નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. બચાવ અને રાહત કામગીરીમાં સુરક્ષા દળોની મદદ લેવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં લોકોને રાહત છાવણીમાં પણ ખસેડી લેવામાં આવ્યા છે. ૩૯૦૦૦ લોકો ઘરવગરના થઈ ગયા છે. આસામમાં પુરની જ્યાં સુધી વધારે અસર થઈ છે તેમાં લખીમપુર, શિવસાગર, કચાર,

● અનુસંધાન પાન-૭ પર

# સીએસીની આજે મહત્વપૂર્ણ બેઠક

**રવિ શાસ્ત્રી પ્રબળ દાવેદાર : હાઈપ્રોફાઇલ જોબ માટે છ દાવેદારો મેદાનમાં છે : સહેવાગ, ટોમ મૂડી પણ દાવેદારોમાં સામેલ : ૧૦ દાવેદાર પૈકી છ દાવેદારોના જ લક્ષ્મણ, તેંડુલકર અને ગાંગુલીની બનેલી સીએસીની પેનલ ઇન્ટરવ્યુ લેશે**

મુંબઈ,તા. ૯

ભારતીય ક્રિકેટ ટીમના હાઈપ્રોફાઈલ કોચના હોદ્દા માટે ઉમેદવારીની ચકાસણી કરવા અને તેની પસંદગી કરવાના હેતુ સાથે આવતીકાલે ત્રણ સભ્યોની ક્રિકેટ એડવાઈઝરી કમિટી (સીએસી)ની બેઠક મળનાર છે. જેના પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ટીમના પૂર્વ ડિરેક્ટર રવિ શાસ્ત્રી કોચ પદ માટે સૌથી પ્રબળ દાવેદાર તરીકે છે. રેકોર્ડ માટે બીસીસીઆઈને કોચ પદ માટે દસ નામની અરજી મળી છે. જે હસ્તીઓએ કોચ પદ માટે અરજી કરી છે તેમાં રવિ શાસ્ત્રી ઉપરાંત, સહેવાગ, ટોમ મુડી, રિચર્ડ પાયબસ, ડોડા ગણેશ, લાલચંદ રાજપુત, લાન્સ ક્લુઝનર, ારપાકેશ શર્મા, ફિલ સિંમોન્સ, ઉપેન્દ્રનાથનો સમાવેશ થાય છે. એવુ જાણવા મળ્યુ છે કે સીએસી ૧૦પૈકી છના ઈન્ટરવ્યુ લેશે. આ છ ઉમેદવારોમાં શાસ્ત્રી, સહેવાગ, મુડી, સિમોન્સ, પાયબસ અને રાજપુતનો

● અનુસંધાન પાન-૭ પર




# કૃષિ સંબંધિત મુદા મામલે આજે નીતિ આયોગની બેઠક

**તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના ચીફ સેક્રેટરી ઉપસ્થિત : કૃષિ સેક્ટરના સુધારા અને વિકાસના મુદ્દાઓ પર ચર્ચા કરાશે**

નવી દિલ્હી,તા. ૯

કિંમતોને લઈને ખેડૂતોમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે ત્યારે જુદા જુદા વિષયો ઉપર ચર્ચા કરવા તથા ખેડૂતોમાં પ્રવર્તી રહેલા અસંતોષને દૂર કરવાના ઈરાદા સાથે કેન્દ્ર સરકાર આવતીકાલે અતિ મહત્વપૂર્ણ બેઠક યોજનાર છે. ખેડૂતો અને કૃષિ સાથે સંબંધિત વિષય ઉપર ચર્ચા કરવામાં આવશે. નીતિ આયોગ દ્વારા આ બેઠક યોજવામાં આવનાર છે. ખેડૂત સાથે સંબંધિત તકલીફોને દૂર કરવા કેન્દ્રીય સહાયતાના મુદ્દે પણ ચર્ચા થશે. તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના ચીફ સેક્રેટરી આ બેઠકમાં ભાગ લેશે અને કૃષિ સેક્ટરમાં સુધારા તથા અન્ય વિકાસના મુદ્દા ઉપર આમા ચર્ચા કરવામાં આવનાર છે. મળેલી માહિતી મુજબ નાણા અને કૃષિ મંત્રાલય વચ્ચે ચર્ચા થઈ ચુકી છે. ખેડૂતો દ્વારા દેશના જુદા જુદા ભાગોમાં હાલમાં દેખાવો કરવામાં આવી ચુક્યા છે. નાણા અને કૃષિ મંત્રાલય તતા વડાપ્રધાનની ઓફિસ વચ્ચે કૃષિ પરિસ્થિતિના સંદર્ભમાં અનેક વખત ચર્ચા થઈ છે. ગયા મહિનામાં મધ્યપ્રદેશના મંદસોર જિલ્લામાં પોલીસ ગોળીબારમાં છ ખેડૂતો માર્યા ગયા હતા. નીતિ આયોગની આ બેઠકમાં સર્વાંગી મુદ્દા પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. ચીફ સેક્રેટરી અને અન્ય અધિકારીઓની આ બેઠકને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નીતિ આયોગના સભ્ય વિવેક ડેબરોય દ્વારા એક રજૂઆત પણ

● અનુસંધાન પાન-૭ પર

# ચીન સરહદે ભારતીય સેના સુસજ્જ

**ડોક્લામ વિસ્તારમાં લાંબા સમય સુધી રહેવા સેના સજ્જ : સરહદી વિવાદ વચ્ચે ચીનના દબાણની ઐસીતૈસી : ડોક્લામમાંથી ભારતીય સૈનિકોને પરત બોલાવી લેવાની માંગ વચ્ચે ભારતીય સૈનિક તંબુ સ્થાપિત કરીને ગોઠવાયા**

નવીદિલ્હી, તા. ૯

ચીનના આક્રમક વલણની પરવાહ કર્યા વગર ભારતીય સેના ડોકલામ વિસ્તારમાં પોતાના મોરચા પર યથાવતરીતે મક્કમ રહેશે. ચીન, ભારત અને ભુટાનની સરહદ સાથે જોડાયેલા આ વિસ્તારમાં ભારતની સેના લાંબા સમય સુધી રહેવા માટે કમરકસી ચુકી છે. ચીન અહીંથી ભારતીય સૈનિકોને પરત બોલાવી લેવાની માંગણી કરી રહ્યું છે પરંતુ અહીં તૈનાત ભારતીય સૈનિકો આ વિસ્તારમાં તંબુ બનાવીને મોરચા સંભાળી ચુક્યા છે. જે આ બાબતનો સંકેત આપે છે કે, જ્યારે પણ ચીનની પીપલ્સ લિબ્રેશન આર્મી ત્યાંથી પોતાના સૈનિકોને પરત બોલાવશે નહીં ત્યાં સુધી તેઓ પણ પીછેહઠ કરશે નહીં. સિક્કિમ સેક્ટરમાં આશરે ૧૦૦૦૦ ફુટની ઉંચાઈ ઉપર સ્થિત બંને દેશોની સેનાઓ વચ્ચે તંગદિલી છે.



અધિકારીક સૂત્રોએ કહ્યું છે કે, સ્થળ ઉપર વર્તમાન સૈનિકોને સતત પુરવઠો આપવામાં આવી રહ્યો છે. જે આબાબતનો સંકેત છે કે ભારતીય સેના ચીનના કોઈપણ દબાણ સમક્ષ ઝુંકવા માટે તૈયાર નથી. બીજી બાજુ વિવાદને રાજકીય રીતે ઉકેલવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. અધિકારીઓ આત્મવિશ્વાસથી ભરપુર દેખાઈ રહ્યા છે. વિતેલા વર્ષોમાં સરહદ ઉપર જારી ખેંચતાણનો ઉકેલ રાજકીયરીતે જ આવ્યો છે. રાજદ્વારી રીતે વિવાદને ઉકેલવામાં આવ્યા છે. ચીન સમગ્ર આક્રમકતાની સાથે આ બાબત ઉપર ભાર મુકી રહ્યું છે કે, તે કોઈપણ સમજૂતિ માટે તૈયાર નથી. બોલ ભારતના કોર્ટમાં છે. સુરક્ષા એજન્સીઓ માને છે કે, તંગદિલીને ઘટાડવા માટે કોઈપણ એકપક્ષીય દ્રષ્ટિકોણ હોઈ શકે નહીં. બંને દેશોના જુદા જુદા સ્તર પર ચર્ચા મારફતે સરહદી ઝપાઝપીનો ઉકેલ લાવવા માટે ૨૦૧૨માં એક વ્યવસ્થા સ્થાપિત કરવા બંને દેશો સહમત થયા હતા. હાલમાં આને સફળતા મળી નથી. કારણ કે છેલ્લા ત્રણ સપ્તાહથી જોરદાર વિખવાદની સ્થિતિ છે. ચીન દ્વારા વ્યૂહાત્મકરીતે મહત્વપૂર્ણ વિસ્તારમાં માર્ગ નિર્માણના પ્રયાસ બાદ ખેંચતાણનો સિલસિલો શરૂ થયો છે. ભારતે આ ક્ષેત્રને ડોકાલાનામ આપ્યું છે જ્યારે ભુટાન આને ડોકલામ કહે છે જ્યારે ચીન આને ડોંગલાંગ ક્ષેત્ર તરીકે ગણાવે છે. સરહદી મુદ્દે ખેંચતાણ વચ્ચે હાલમાં જ હેમ્બર્ગમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ ઝિનપિંગ પણ મળ્યા હતા.

# આજે શેરબજારમાં ભારે ઉતારચઢાવ રહેશે

**કુલ છ પરિબળો શેરબજારની દિશા નક્કી કરે તેવા સંકેત : ચાવીરૂપ કમાણીના આંકડા : માઇક્રો ઇકોનોમિક આંકડાઓ તેમજ મોનસુનની પ્રગતિ સહિતાના પરિબળોની અસર રહેશે : રોકાણકારો સાવધાન રહી શકે**

મુંબઈ, તા.૯

શેરબજારમાં આવતીકાલથી શરૂ થયા નવા કારોબારી સેશનમાં કુલ સાત મુખ્ય પરિબળોની સીધી અસર જોવા મળશે. આ સાત પરિબળો માર્કેટની દિશા નક્કી કરનાર છે. જે સાત પરિબળોની અસર થનાર છે તેમાં આવતીકાલથી જારી કરવામાં આવનાર કંપનીઓના તેના જુનના ત્રિમાસિક ગાળાના પરિણામો, માઈક્રો ઈકોનોમિક આંકડા અને મોનસુનની પ્રગતિ, જીએસટી અમલીકરણ, ટેકનિકલ આઉટલુક અને યુએસ જોબ ડેટાની સીધી અસર જોવા મળી શકે છે. ભારતીય હવામાન વિભાગે ગુરૂવારના દિવસે આગાહી કરતા કહ્યુ હતુ કે પહેલી જુનથી પાચમી જુલાઈ વચ્ચેના ગાળામાં ભારતમાં સિચાઈ સિઝન વરસાદનો આંકડો ૨૦૬.૭ મીમીના નોર્મલ વરસાદની સામે ૨૧૭.૩ મીમી રહ્યો છે. જુન-સપ્ટેમ્બર સાઉથ વેસ્ટ મોનસુન દેશના કૃષિ સેક્ટર માટે ખુબ ઉપયોગી રહે છે. ાકારણ કે આ ગાળા દરમિયાન ખેતીમાં પ્રવૃતિ વધારે જોવા મળે છે. સાથે સાથે સિચાઈ માટે વરસાદ પર મુખ્ય રીતે કૃષિ ભૂમિ આધારિત રહે છે. બીજી બાજુ કોર્પોરેટ ઈન્ડિયા દ્વારા સોમવારથી તેમના પ્રથમ ત્રિમાસિક ગાળાના કમાણીના આંકડા જારી કરવાની શરૂઆત થશે. સિનકોમ હેલ્થકેર દ્વારા સોમવારના દિવસે તેના જુન ત્રિમાસિક ગાળાના પરિણામ જારી કરવામાં આવનાર છે. એમ્ટેક ઓટો, સીસીએલ, ના પરિણામ ૧૧મી જુલાઈના દિવસે જારી કરવામાં આવનાર છે. જો કે તમામની નજર આઈટીની દિગ્ગજ કંપની ટીસીએસ અને ઈન્ફોસીસ પર કેન્દ્રિત થઈ છે. આ કંપનીઓ ક્રમશ ૧૩ અને ૧૪મી જુલાઈના દિવસે તેમના પરિણામ જારી કરનાર છે. જુન ૨૦૧૭ માટેના ફુગાવાના આંકડા અને મે મહિના માટે આઈઆઈપીના આંકડા પણ આગામી સપ્તાહમાં જારી કરવામાં

● અનુસંધાન પાન-૭ પર





